જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૦/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૮૩/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૫ | ૦ | ૧૦૬૭૫ | ૧૬૮૦૫ | ૦ | ૧૬૮૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૦૫૩ | ૧૪ | ૧૫૦૬૭ | ૧૫૮૬૯ | ૧૪ | ૧૫૮૮૩ |
| | કુલ | ૩૦૧૨૨ | ૧૪ | ૩૦૧૩૬ | ૩૮૭૫૩ | ૧૪ | ૩૮૭૬૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૯ | ૧૧,૫૯,૭૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૪૫ | ૧૪,૪૫,000/- |

## લૂંટ તથા ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાન્ચ**

## વટવા પોલીસ સ્ટેશનના લૂંટ તથા ચોરીના ગુનામાં વોન્ટેડ બે ઇસમોને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સૂચના કરેલ.જે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રીઓને ટીમો બનાવી આવી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા જણાવેલ.

જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટર એ.વાય.બલોચ નાઓની દેખરેખ હેઠળ સ્કોડના માણસોની અલગ અલગ ટીમો બનાવી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાના પ્રયત્નો હાથ ધરેલ હતા.

જે દરમ્યાન સ્કોડના હે.કો.અબ્દુલવાહિદખાન તથા તેમની ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા અને મળેલ ચોક્કસ બાતમી હકીકત મળેલ કે વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.289/2014 ઇ.પી.કો કલમ 379, 114 મુજબના ડિઝલ ચોરીના ગુનાના વોન્ટેડ આરોપી <u>મુનીર વલીમહમંદ મેમણ રહે.69 સનરાઇઝ પાર્ક દાણીલીમડા અમદાવાદ</u> નાને જમાલપુર ચાર રસ્તા પાસેથી ઝડપી પાડેલ.જે આરોપીની પૂછપરછમાં પકડાયેલ આરોપી તથા તેના મળતિયા માણસો મોસહીન, અરમાન તથા અન્યોએ ભેગા મળી નારોલ ચાર રસ્તા પાસે રાત્રીના સમયે ઉભી રહેતી ટ્રકોમાંથી ડિઝલ ચોરી કરી રીક્ષામાં ડિઝલ ચોરીના કેરબામાં મુકી લઇ જતા તેઓની વિરૂધ્ધમાં ઉપરોકત ગુનો દાખલ થયેલ અને ગુનો દાખલ થયા બાદ પોતે આણંદ રહેવા જતો રહેલ.જે ગુનામાં વોન્ટેડ હોવાની કબૂલાત કરતા કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

તેમજ વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં 36/2017 ઇ.પી.કો કલમ 392, 114 મુજબના મોબાઇલ ફોન તથા રોકડ રકમની લૂંટના ગુનાના વોન્ટેડ આરોપી <u>સલીમ ઉર્ફે લાલા અખ્તરભાઇ શેખ રહે.વસંત ગજેન્દ્ર ગડકરનગર વટવા</u> નાને રાયખડ ચાર પાસેથી ઝડપી પાડેલ.જે આરોપીની પૂછપરછમાં સને-2016 ના ડિસેમ્બર માસમાં પોતે તથા પોતાના ભાઇ તાહિર ઉર્ફે કાણા તથા સદ્દામ તેમજ અન્યોએ મળી એક પેસેન્જરને રીક્ષામાં બેસાડી વટવા બ્રીજથી આગળ અવાવરૂ જગ્યા ઉપર લઇ જઇ પેસેન્જરને છરી ગળાના ભાગે અડાડી તેની પાસેથી મોબાઇલ ફોન તથા રોકડ રૂપિયા લૂંટી લીધેલ હોવાની કબૂલાત કરતા કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામે પકડી પાડેલ બન્ને વોન્ટેડ આરોપીઓને વટવા પોલીસ સ્ટેશન સોપવા તજવીજ કરવામાં આવેલ છે.





# પાસા અટકાયતીની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ મહેશ ઉર્ફે કટ્ટો સ/ઓફ રાજુભાઇ પોપટભાઇ જાતે પટણી (માનવાળા) ઉ.વ. ૧૯ રહે: બ્લોક નં ૮/૧૭૨ એમ.એલ.એ કવાર્ટર્સ હોળી ચકલા અસારવા શાહીબાગ અમદાવાદ શહેર ના વિરુદ્ધ (૧) શાહીબાગ પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૧૨૦૦૫૩૪/૨૦૨૦ ઇપીકો કલમ ૩૯૪,૧૧૪, તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) શાહીબાગ પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૧૨૦૦૫૪૦/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૯૭,૩૩૭,૪૨૭,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૦૮૧/૨૦૨૦ તા.૧૭/૧૦/૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૭/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૪૫ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપેલ

## આરોપીનું નામ :

મહેશ ઉર્ફે કટ્ટો સરહે ૧૯ઓફ રાજુભાઇ પોપટભાઇ જાતે પટણી (માનવાળા) ઉ.વ. /: બ્લોક નં ૮ ૧૭૨/ એમ.એલએ કવાર્ટર્સ હોળી ચકલા અસારવા શાહીબાગ અમદાવાદ શહેર.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) પો.સ.ઈન્સ એમ.એચ.ઝાલા તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા (૩)અ.હે.કો રવીન્દ્ર ગંગારામ

(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ (૫) અ.લો.ર. પરેશકુમાર અણદાભાઇ



**<u>સરદારનગર પોલીસ સ્ટેશનઃ-</u>**

## પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ કરેલ આરોપીઓની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'જી' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહીબીશન સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુનાઓ કરેલ આરોપીઓ વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ પાસા અટકાયતની નીચે મુજબની કામગીરી કરવામા આવેલ છે. તા-૧૮/૧૦/૨૦૨૦

### આરોપીઓની વિગત –

(૧) અવધેશ ઉર્ફે પાંડેય રાજમણી જાતે- પાંડે ઉ.વ.૪૬ રહે- મ.ન. ૧૦૪/બી શિલ્પ એકલોવ કોમ્પ્લેક્ષ, ભક્તેશ્વર મંદીર પાસે, જનતાનગર ચાંદખેડા અમદાવાદ શહેર મુળ વતન ગામ- આસમાન પટ્ટી પોસ્ટ- રામદયાલ ગંજ જી- જોનપુર વારાણસીહ લખનવ રોડ ઉત્તરપ્રદેશ નાને પકડી અટક કરી મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક :પીસીબી/ડીટીએન/પાસા/૧૦૮૪/૨૦૨૦ તા-૧૭/૧૦/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૧૮/૧૦/૨૦૨૦ ના કલાક -૧૩/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

(૨) પ્રવીણભાઇ ઉર્ફે પરુ પરષોતમદાસ બજાજ (સીંધી) ઉ.વ.૨૯ રહે- મ.ન.૧૦૪ સી વોર્ડ રાજેશ દુધઘરની સામે ભોલેનાથ મંદીરની પાસે કુબેરનગર અમદાવાદ શહેર નાને પકડી અટક કરી મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક :પીસીબી/ડીટીએન/પાસા/૧૦૮૫/૨૦૨૦ તા-૧૭/૧૦/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૧૮/૧૦/૨૦૨૦ ના કલાક -૧૩/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

**<u>આરોપીઓના ફોટા</u>**



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૨૭૯ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૭૮૬/૨૦૨૦**

**ઈસનપુરઃ** મીહિરભાઈ પ્રવિણચંદ્ર યાજ્ઞીક (ઉ.વ.૪૫) (રહે.શાકુંતલ એપાર્ટમેન્ટ રાજધાની ગીરીવર બંગ્લા પાછળ ઈસનપુર) એ તા.૧૭/૧૦/૨૦૨૦ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૧૭ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર નારોલ સર્કલ નજીક બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે મોહન વેર-હાઉસ ખાતેથી આરોપી (૧) સાઈ ક્રિએશન' ના પ્રોરાઈટર શીપ અંશુ નાગપાલ (રહે. પહેલો માળ દયનંદ કોલોની લાજપતનગર-૪ નવી દિલ્લી) અને (૨) ચંદ્રેશ રાનીકા (રહે.ઠક્કરબાપાનગર બાપુનગર) એ ભેગા મળી મીહિરભાઈને વિશ્વાસમા લઈ કાપડનો માલ કિમત રૂપિયા ૭૬,૪૯,૫૫૮/- ખરીદી કરી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચાવડા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૭/૨૦૨૦**

**સાબરમતીઃ** સ્વામી ધુરાઇ પીચ્છેમુત્તુ આદીદ્રવીડ (રહે. ઇન્દિરાનગર દિગ્વિજય સીમેન્ટ ફેક્ટરી પાસે ન્યુ રાણીપ કાળીગામ છારાનગર) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૦ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન સાબરમતી કાળીગામ દિગ્વિજય સીમેન્ટ ફેક્ટરી પાસે નાગદેવી માતાના મંદિર તેમજ ઓરડીનું તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાના મંગળસુત્ર નંગ-૪,સોનાનુ પેડલ, એલ્યુમીનીયમના તપેલા નંગ-૧૩, તપેલાના ઢાકણા નંગ-૭, ગેસની સગડી નંગ-૨, રસોઇના વાસણો, પિત્તળના દિવા મુકવાના સ્ટેન્ડ નંગ-૪ તેમજ પિત્તળની વસ્તુઓ મળી કુલ કિમત રૂપિયા ૯૧,૫૦૦/- મતાની ચોરી કરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૭૮૮/૨૦૨૦**

**શાહીબાગઃ** મનીષાબહેન વિનોદભાઇ પરમાર (ઉ.વ.૨૧) (રહે. પ્રીતમપુરા સોસાયટી વિભાગ-ર ગીરધરનગર શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રદિપસિહ ચલાવે છે.

**નિકોલઃ** પુનમબહેન અશોકભાઇ પાલ (ઉ.વ.૪૫) (રહે. મુલચંદ શેઠની ચાલી રામનગર ભિલવાડ અમરાઇવાડી) એ બિમારી થી કંટાળી તા.૧૭/૧૦/૨૦૨૦ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નિકોલ કઠવાડા ગામ પારંતિ આવાસ યોજના ખાતે રહેતા પોતાના ભાઇના રહેણાંકના બ્લોક નંબર એ ના સાતમા માળેથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી